**ધારાસભ્ય કુમાર કાનાણીનો ઉગ્ર વિરોધ**

# જ્યાં પ્રાથમિક સમસ્યા હોય ત્યાં હેપ્પી સિટી કઈ રીતે?

**કાગળ** પરના આયોજન અને જમીની સ્થિતિ વચ્ચે આસમાન-જમીનનો તફાવત; ગેરકાયદે બાંધકામ, ટ્રાફિક અને ભેળસેળ મુદ્દે તંત્રની નિષ્ક્રિયતા પર આકરા પ્રહારો

સુરતઃ સુરત મહાનગરપાલિકા દ્વારા રજૂ કરાયેલા વર્ષ 2026-27ના બજેટમાં શહેરને 'વર્લ્ડ ક્લાસ હેપ્પી સિટી' બનાવવાની ગુલાબી વાતો સામે વરાછાના ધારાસભ્ય કિશોર કાનાણીએ મનપા કમિશનરને પત્ર લખીને ઉગ્ર વિરોધ નોંધાવ્યો છે.

કાનાણીએ પત્રમાં કટાક્ષ કર્યો છે કે જ્યારે લોકો પ્રાથમિક સમસ્યાઓથી ત્રસ્ત હોય ત્યારે હેપ્પી સિટીનો વિચાર માત્ર કલ્પના છે. તેમણે ખાસ કરીને વરાછા જેવા રહેણાંક વિસ્તારોમાં ઝોનિંગ પોલિસીના અભાવે મંજુરી વગર ધમધમતા કોમર્શિયલ-ઈન્ડસ્ટ્રીયલ એકમો, કારખાનાના અવાજ અને પ્રદૂષણ સામે સવાલો ઉઠાવ્યા છે. આ ઉપરાંત, શહેરમાં બેફામ ચાલતા નકલી ખાદ્ય પદાર્થોના એકમો અને ફ્લાયઓવર બ્રિજ નીચે જામતા અસામાજિક તત્વોના જમાવડા સામે તંત્રની નિષ્ક્રિયતાને લોકોના સ્વાસ્થ્ય અને સુરક્ષા માટે જોખમી ગણાવી છે.

બીજી તરફ, કાનાણીએ જણાવ્યું કે, છેલ્લા 5 વર્ષથી મહિલાઓ માટે 'પિંક BRTS' બસોની સતત માંગ છતાં તંત્ર માત્ર પિંક ટોયલેટ જેવી પાયાની સુવિધાઓમાં જ અટવાયેલું છે. અશ્વિનીકુમાર-ફૂલપાડાથી ઉત્રાણને જોડતા તાપી નદી પરના બ્રિજનું કામ છેલ્લા 4 વર્ષથી મંજૂરીના તબક્કે અટકેલું છે. તેમણે કમિ. ને વિનંતી કરી છે કે બજેટના મોટા આંકડાઓ બતાવવાને બદલે મૂળભૂત સુવિધાઓ, ગેરકાયદે બાંધકામો પર રોક અને અટકેલા પ્રોજેક્ટ્સને પ્રાથમિકતા આપી પૂર્ણ કરો.

**બજેટ સૂચનો માટેની બેઠકમાં માત્ર બે ધારાસભ્ય વિનુ મોરડિયા, સંગીતા પાટીલ હાજર રહ્યાં**

# મ્યુનિ.કમિ.ના ડ્રાફ્ટ બજેટ પર આજે શાસકો 'તડકો' મારશે

**ચૂંટણીને** ધ્યાને રાખી બે દિવસની મેરેથોન ચર્ચા બાદ શાસકો લોકપ્રિય થાય તેવી જાહેરાતોની લ્હાણી કરશે

સુરતઃ મ્યુનિ. કમિશનર એમ. નાગરાજન દ્વારા રજૂ કરાયેલું રૂ. ૧૦,૫૯૩ કરોડનું ડ્રાફ્ટ બજેટ, વર્ષ ૨૦૨૫-૨૬નું રીવાઇઝ બજેટ તેમજ શિક્ષણ સમિતિના બજેટ પર ચર્ચા કરવા માટે સ્થાયી સમિતિની બે દિવસીય મેરેથોન બજેટ બેઠકનો આજે શુક્રવારે પ્રારંભ થયો છે. આવતીકાલે બપોરે સ્થાયી સમિતિના ચેરમેન રાજન પટેલ સાયન્સ સેન્ટર ખાતેથી કમિશનરના બજેટમાં શાસકો દ્વારા કરાયેલા સુધારા સાથે અંતિમ બજેટ રજૂ કરશે, જેનું કદ ૧૧,૦૦૦ કરોડને પાર કરે તેવી પૂરી શક્યતા છે.

ગૂરૂવારે શહેર ભાજપ કાર્યાલય ખાતે ભાજપના તમામ વોર્ડના કોર્પોરેટર તેમજ સંગઠનના હોદ્દેદારો સાથે સંકલન બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં વોર્ડ વિસ્તારમાં આવરી લેવાય તેવા વિકાસકામો અને પ્રોજેક્ટ માટેના સૂચનો લેવામાં આવ્યા હતા. ધારાસભ્યો માટે પણ અલગ બેઠકનું આયોજન કરાયું હતું, પરંતુ બજેટ સૂચનો માટેની બેઠકમાં માત્ર વિનુ મોરડીયા અને સંગીતા પાટીલ હાજર રહ્યા હતા. ચૂંટણી વર્ષને ધ્યાને રાખીને ભાજપ શાસકો દ્વારા બજેટમાં વધુમાં વધુ પ્રજાલક્ષી રાહતો આપવાનો પ્રયાસ થશે. બજેટ બેઠક પૂર્વે જ સ્થાયી સમિતિ અધ્યક્ષ બાકી વેરા પર વ્યાજ માફી, રહેણાંક મિલકતોમાં વોટર મીટર ઈન્સ્ટોલેશન ચાર્જમાંથી મુક્તિ, ભૂતિયા નળ કનેક્શન નિયમિત કરવાની યોજનામાં વધારો તેમજ જૂના પાણી-ડ્રેનેજ નેટવર્ક અપગ્રેડેશનમાં મિલકત સુધી મફત જોડાણ જેવી યોજનાઓની જાહેરાત કરી ચૂક્યા છે.

**જનતા પર ભાર નહીં પડે તે રીતે સુવિધાઓને ઉચ્ચ સ્તરની બનાવવાનો પ્રયાસ કરાશે**

આગામી ચૂંટણીને ધ્યાનમાં રાખીને શાસકો દ્વારા શહેરીજનોને હજી વધુ ક્યા લાભ આપી શકાય તેની ગડમથલ ચાલી રહી છે. ખાસ કરીને ૬૦ વર્ષથી ઉપરના સિનિયર સિટીઝન અને મહિલાઓ માટે વિશેષ છૂટછાટોની જાહેરાત થવાની શક્યતા નકારી શકાય તેમ નથી. સાથે સાથે મનપા દ્વારા અપાતી પ્રવર્તમાન સુવિધાઓને વધુ ઉચ્ચ સ્તરની બનાવવા પ્રયાસ કરવામાં આવશે, પરંતુ આ સુધારાઓનો ભાર જનતા પર ન પડે તેનું ખાસ ધ્યાન રાખવામાં આવી શકે છે.

**ભાજપને દરેક વોર્ડ દીઠ 8થી 10 સીચન મળ્યાં**

ગુરૂવારે ભાજપ કાર્યાલય ખાતે યોજાયેલી સંગઠનની સંકલન બેઠકમાં દરેક વોર્ડમાંથી સરેરાશ ૮થી ૧૦ બજેટ સૂચનો મળ્યા હોવાનું જાણવા મળ્યું છે. આવતીકાલે સવારે ૧૦ વાગ્યાથી વિભાગ અને ઝોન દીઠ સ્થાયી સમિતિની બજેટ બેઠક શરૂ થશે. બજેટ ચર્ચાના ભાગરૂપે વિપક્ષી નેતા દ્વારા પણ સમગ્ર શહેરને આવરી લેતા લેખીત સૂચનો સ્થાયી સમિતિ અધ્યક્ષને પાઠવવામાં આવ્યા છે. શિક્ષણ, આરોગ્ય, આંગણવાડી, લાઇબ્રેરી, રસ્તાઓ સહિતની પ્રાથમિક સુવિધાઓ અંગે ૧૮ પાનાના સૂચનો વિપક્ષ દ્વારા રજૂ કરાયા છે.






(તસવીર : હેમંત ડેરે)

# ISPLની ફાઈનલ મેચમાં સચિન તેંડુલકરને જોવા ભીડ ઊમટી પડી

**સચિન** સ્ટેડિયમમાં પહોંચતા દર્શકોનો ઉત્સાહ ચરમસીમાએ પહોંચી ગયો

**દર્શકોએ** મોબાઈલથી સચિનને કેચ કરવાની સાથે 'સચિન-સચિન'ના ભારે નારા લગાડ્યા

સુરતઃ લાલભાઈ કોન્ટ્રાક્ટર સ્ટેડિયમ ખાતે રમાયેલી ઇન્ડિયન સ્ટ્રીટ પ્રીમિયર લીગ (આઈએસપીએલ) સિઝન-3ની ફાઇનલ મેચમાં દરમિયાન લાલભાઈ કોન્ટ્રાક્ટર સ્ટેડિયમમાં ક્રિકેટપ્રેમીઓની ભારે ભીડ ઊમટી પડી હતી.

સ્ટેડિયમની બહાર પણ સેંકડો લોકો જોવા મળ્યા હતા. તેનું મુખ્ય કારણ ક્રિકેટના મહાનાયક સચિન તેંડુલકરની હાજરી રહી હતી. સચિન સ્ટેડિયમમાં પહોંચતાં જ દર્શકોમાં ઉત્સાહ ચરમસીમાએ પહોંચી ગયો હતો. "સચિન-સચિન"ના નાદોથી સમગ્ર સ્ટેડિયમ ગૂંજી ઊઠ્યું. અનેક ચાહકો પોતાના મનપસંદ ક્રિકેટરની એક ઝલક મોબાઇલમાં કેદ કરતાં નજરે પડ્યા હતા. જ્યારે અનેક લોકો માત્ર સચિનને જોવા માટે જ સ્ટેડિયમ આવ્યા હતા.

**ફાઇનલ મેચમાં ચેન્નઈ સિંઘમ્સ ચેમ્પિયન, કોલકાતા 29 રને હાર્યું**

સુરતઃ લાલભાઇ કોન્ટ્રાક્ટર સ્ટેડિયમ ખાતે રમાયેલી ઇન્ડિયન સ્ટ્રીટ પ્રીમિયર લીગ (આઈએસપીએલ) સિઝન-3ની ફાઇનલ મેચમાં ચેન્નઈ સિંઘમ્સે ટાઇગર્સ ઓફ કોલકાતાને 29 રને પરાજય આપી ખિતાબ પોતાના નામે કર્યો હતો. મેચનો નિર્ણય છેલ્લી બોલ સુધી ખેંચાયો હતો, જેના કારણે સ્ટેડિયમમાં હાજર દર્શકોની ધડકનો વધેલી રહી હતી. ફાઇનલ મુકાબલામાં પહેલા બેટિંગ કરતાં ચેન્નઈ સિંઘમ્સે નિર્ધારિત ઓવરોમાં 103 રન બનાવ્યા હતા. આ લક્ષ્યનો પીછો કરવા ઊતરેલી ટાઇગર્સ ઓફ કોલકાતા ટીમ અંત સુધી ઝઝૂમી હતી. પરંતુ ચેન્નઈના ગોળંદાજોના શિસ્તબદ્ધ પ્રદર્શન સામે ટીમ 29 રને પાછળ રહી ગઈ હતી. ચેન્નઈની મજબૂત બોલિંગે કોલકાતાની જીતની આશાઓ પર પાણી ફેરવી દીધું હતું.

# પૌત્રી સમાન બાળકીના દુષ્કર્મીને અંતિમ શ્વાસ સુધી જેલની સજા

**પૌત્ર** સાથે ભણતી 7 વર્ષીય બાળા પાસે મુખમૈથુન કરાવ્યું હતું

સુરતઃ પૌત્રની સાથે અભ્યાસ કરતી સાત વર્ષની માસુમ બાળાને અપ્રાકૃતિક કૃત્ય (મુખમૈથુન) કરાવનાર બાવન વર્ષિય મહેન્દ્ર અશોક શાહને પોકસો કોર્ટે કુદરતી જીવનની છેલ્લી ક્ષણ સુધીની સજા ફટકારી છે.

લિંબાયત પોલીસ સ્ટેશને નોંધાયેલી ફરિયાદ મુજબ લિંબાયતમાં રહેતાં પરિવારની સાત વર્ષની દીકરી જે સ્કૂલમાં અભ્યાસ કરતી હતી, ત્યાં આરોપી મહેન્દ્રભાઈ અશોકભાઈ શાહનો પૌત્ર પણ ભણતો હતો. જેથી બંને પરિવાર વચ્ચે નજીકનો સંબંધ બન્યો હતો. જેથી તેણે ઘરના ગોડાઉન પાસે બેઠેલી બાળકી પાસે મુખમૈથુન કરાવ્યું હતું અને કોઈને જાણ નહીં કરવાની ધમકી આપી હતી. આ કેસમાં સરકાર પક્ષે એપીપી વી એલ ફળદુએ ધારદાર દલીલો કરી હતી અને ફરિયાદ પુરવાર કરવામાં સફળ થયાં હતાં. બંને પક્ષની દલીલો બાદ કોર્ટે આરોપી મહેન્દ્રભાઈ અશોકભાઈ શાહને જીવનના અંતિમ શ્વાસ સુધી જેલની સજા ફટકારી હતી.

**સ્ત્રી અને નાની બાળાઓ આદર અને સત્કારની અધિકારીણી છે, મનોરંજન કે ભોગ વિલાસનું સાધન નથી**


કોર્ટે નોંધ્યું હતું કે, ભારતીય સંસ્કૃતિ પ્રમાણે સ્ત્રીઓને ખૂબ જ આદરણીય ગણવામાં આવે છે અને સ્ત્રીઓને શકિતનું સ્વરૂપ મનાય છે. તેમાંય ખાસ કરીને નાની અને કુમળી વયની બાળાઓની તો કુટુંબમાં, સમાજમાં, સારા પ્રસંગોએ તથા તહેવારોએ પૂજા પણ કરવામાં આવે છે અને નાની બાળાઓમાં ભગવાનનું રૂપ જોવામાં આવે છે. તેઓ કોઇ મનોરંજન કે ભોગ વિલાસનું સાધન નથી.

**મોબાઈલ ફોનમાં પોર્ન જોઈને આરોપી કામાતુર બન્યો**

મોબાઈલ ફોનમાં ઈઝી અવેલેબલ પોર્ન વીડિયોને કારણે આરોપી વાસનાલોલુપ બન્યો હતો. આરોપી બાળકોને ઘરે છોડીને પોતાના ગોડાઉનમાંથી કટલરી અને ઘરવખરીનો સામાન લઇને માર્કેટમાં વેચાણ કરવા ગયો, જ્યાં મોબાઈલ ફોન પર અને ગુગલ ક્રોમમાં વોઇસ સર્ચથી પોર્ન વિડીઓ જોતાં વાસના ભડકી હતી અને ઘરે પહોંચતાં ભોગ બનનાર મળી આવતાં પોત પ્રકાશ્યું હતું.

# બજેટ 10,593 કરોડનું, પણ આધાર કાર્ડ સેન્ટર એક ઓપરેટરના ભરોસે

**ઓપરેટર** સામાજિક પ્રસંગમાં જતા 10 લાખની વસ્તી ધરાવતા સરથાણા ઝોનનું સેન્ટર બંધ, મસમોટા કોન્ટ્રાક્ટ છતાં 'બેકઅપ' આયોજનના અભાવે જનતા પરેશાન




સુરતઃ સુરત મહાનગરપાલિકાએ તાજેતરમાં જ વર્ષ 2026-27 માટે 10,593 કરોડનું ભવ્ય બજેટ રજૂ કરી શહેરને 'સ્માર્ટ અને વર્લ્ડ ક્લાસ' બનાવવાની જાહેરાત કરી છે, પરંતુ વાસ્તવિકતા સાવ વિપરીત જોવા મળી રહી છે.

સરથાણા ઝોન ખાતેના આધાર કાર્ડ સેન્ટર પર હાલ એક વિચિત્ર નોટિસ જોવા મળી રહી છે, જેમાં લખ્યું છે કે ઓપરેટર 03/02/2026થી 08/02/2026 સુધી સામાજિક પ્રસંગમાં રજા પર હોવાથી સેન્ટર બંધ રહેશે. અંદાજે 10 લાખની વસ્તી ધરાવતા આ ઝોનમાં માત્ર એક ઓપરેટરની ગેરહાજરીમાં આખી સરકારી સેવા ઠપ થઈ જવી તે મનપાના મસમોટા વહીવટ અને 'સ્માર્ટ સિટી'ના લેબલ સામે પ્રશ્ન ઉભા કરે છે. કરોડોના બજેટ અને આધુનિક ટેકનોલોજીની વાતો કરતી મનપા પાસે એક સામાન્ય ઓપરેટરના બેકઅપનું આયોજન નથી જેથી લોકોને હેરાન થવાનો વારો આવે છે.

નોંધનીય છે કે, સરથાણા ઝોનનું આ આધાર કાર્ડ સેન્ટર અગાઉ દિવાળી સમયે પણ ઓપરેટરે નોકરી છોડી દેતા લાંબા સમય સુધી બંધ રહ્યું હતું, ત્યારે પણ આવી જ વિવાદાસ્પદ નોટિસ લગાવાઈ હતી.

# આરોગ્ય સાથે ચેડાં કરનારાઓની ખેર નથી: મનપા હવે 'કાયમી' સેમ્પલિંગ કરશે

**શહેરની** તમામ ડેરી, રેસ્ટોરન્ટ અને ફરસાણની દુકાનોમાં રોજિંદું ચેકિંગ કરી કમિશનરને રિપોર્ટ સોંપવો પડશે: સ્થાયી સમિતિ ચેરમેનનો આદેશ

સુરતઃ સુરત મહાનગરપાલિકાના ફૂડ વિભાગે હવેથી માત્ર તહેવારો પુરતી જાગૃતિ બતાવવાને બદલે વર્ષના 365 દિવસ કાયમી ધોરણે ચેકિંગ અને સેમ્પલિંગની કામગીરી કરવાની રહેશે. સ્થાયી સમિતિની બેઠકમાં અધ્યક્ષે આપેલી સૂચના પ્રમાણે હવે શહેરના તમામ ઝોનમાં ડેરીઓ, ફરસાણની દુકાનો, મીઠાઈના વિક્રેતાઓ અને નાની-મોટી રેસ્ટોરન્ટ્સમાં ગમે ત્યારે તપાસ કરવામાં આવશે. આ કામગીરી માત્ર દેખાવ પુરતી ન રહે તે માટે રોજેરોજ લેવાયેલા સેમ્પલ અને કરાયેલી તપાસનો 'ડેઈલી રિપોર્ટ' તૈયાર કરવાનો રહેશે. આ ઉપરાંત, સમગ્ર મહિના દરમિયાન કરવામાં આવેલી કામગીરીનો વિસ્તૃત અહેવાલ દર મહિને કમિ.ને કરવાનું ફરજિયાત કરાયું છે.

# હીરા ઉદ્યોગની કટોકટી મુદ્દે સાંસદ ધોળકિયાની રજૂઆત

**બેરોજગાર** રત્નકલાકારો માટે રોજગારી, રાહત યોજના અને રત્નકલાકાર કલ્યાણ બોર્ડ રચવાની માંગ

સુરતઃ હીરા ઉદ્યોગ છેલ્લા લાંબા સમયથી ગંભીર કટોકટીની સ્થિતિમાંથી પસાર થઈ રહ્યો છે. આ ઉદ્યોગ પર નિર્ભર લાખો રત્નકલાકારોની હાલત અત્યંત કફોડી બની ગઈ છે. આ ગંભીર પરિસ્થિતિ અંગે અનેક વખત રાજ્ય સરકાર સમક્ષ રજૂઆતો કરવામાં આવી હોવા છતાં યોગ્ય કાર્યવાહી ન થતાં ઉદ્યોગપતિ ગોવિંદ ધોળકિયાએ હવે સંસદમાં આ મુદ્દો ઉઠાવ્યો છે.

તેમણે સંસદમાં રત્નકલાકારોના પ્રશ્નોને લઈ વિસ્તૃત રજૂઆત કરી હતી, જેમાં બેરોજગાર રત્નકલાકારો માટે તાત્કાલિક રોજગારીની વ્યવસ્થા, રાહત પેકેજ, નિયમિત વેતન અને સામાજિક સુરક્ષા જેવી મહત્ત્વપૂર્ણ માંગણીઓ રજૂ કરવામાં આવી હતી. ગોવિંદ ધોળકિયાએ રજૂઆતમાં જણાવ્યું હતું કે, ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડની તર્જ પર ખાસ રત્નકલાકાર કલ્યાણ બોર્ડની રચના થવી જોઈએ.

આ બોર્ડની રચના થવાથી રાજ્ય અને કેન્દ્ર સરકાર બંને તરફથી રત્નકલાકારોને વિવિધ કલ્યાણકારી યોજનાઓનો સીધો લાભ મળી શકે. ઉપરાંત રત્નકલાકારો માટે સ્વાસ્થ્ય વીમાની સુવિધા સુનિશ્ચિત કરવાની તેમજ તેમને પ્રોફેશનલ ટેક્સમાંથી મુક્તિ આપવાની માંગ પણ કરવામાં આવી છે. હીરા ઉદ્યોગ ગુજરાતની અર્થવ્યવસ્થાનો મહત્ત્વપૂર્ણ આધારસ્તંભ હોવાથી, રત્નકલાકારોના પ્રશ્નોનું તાત્કાલિક અને અસરકારક નિરાકરણ લાવવામાં આવે તેવી માંગ ઉદ્યોગપતિઓ અને રત્નકલાકારો દ્વારા ઉઠાવવામાં આવી રહી છે.

# સંગીતકારની માતાના મૃત્યુ કેસમાં સાક્ષીઓને આરોપી નહીં બનાવાય

**અગાઉ** પણ કોર્ટે ગુણદોષનાં આધારે અરજી રદ કરી હતી, સાહેદોની જુબાની બાદ ફરી અરજી કરાઈ હતી

સુરતઃ સંગીતકાર ઈસ્માઈલ દરબારની માતાના મૃત્યુ કેસના સાક્ષીઓને આરોપી તરીકે જોડવાની અરજી બીજી વખત કોર્ટે નામંજૂર કરી છે. પોલીસે કેસની તપાસ પૂર્ણ કરી કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરી હતી.

જે ચાર્જશીટમાં ગિરીશ ગૃપ ઓફ હોસ્પીટલના ડો. ગિરીશ શાહ તથા ડો. આશિષ જોષી તથા અન્ય સારવાર કરનાર ડોકટરઓને સાહેદ તરીકે દર્શાવવામાં આવ્યાં હતાં. ત્યારબાદ કાર્યવાહી ચાલુ થતાં મૂળ ફરીયાદી ઈસ્માઈલ દરબાર દ્વારા સી.આર.પી.સી. કલમ ૩૧૯ મુજબ ગિરીશ ગૃપ ઓફ હોસ્પીટલના ડો. ગિરીશ શાહ તથા ડો. આશિષ જોષીને આરોપી તરીકે જોડવાની અરજી અપાઈ હતી. જે અરજી કોર્ટે કેસના ગુણદોષને આધીન નામંજૂર કરી હતી. ત્યારબાદ ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન સાક્ષીઓની જુબાની પૂર્ણ થતાં ફરી મૂળ ફરીયાદી ઈસ્માઈલ દરબાર દ્વારા સી.આર.પી.સી. કલમ ૩૧૯ મુજબ ગિરીશ ગૃપ ઓફ હોસ્પીટલના ડો. ગિરીશ શાહ તથા ડો. આશિષ જોષીને આરોપી તરીકે જોડવાની અરજી આપવામાં આવી હતી.

જે અરજી નામદાર કોર્ટે ફરી કેસના ગુણદોષને આધીન નામંજૂર કરી છે. હાલના કેસના સાક્ષી ગિરીશ ગૃપ ઓફ હોસ્પીટલના ડો. ગિરીશ શાહ તથા ડો. આશિષ જોષી તરફે કોર્ટમાં વકીલ રાકેશ એ. મૈસુરીયા, આરોપી પરેશ રજનીકાંત ભજીયાવાલા તરફે વકીલ બી.એસ. ચોલેરા હાજર રહ્યાં હતાં.

# ભાઈને ગામડેથી જોવા આવે તે પહેલા જ બહેનનો આપઘાત

**અલથાણમાં** રહેતા રાકેશ અગ્રવાલની પુત્રી ખુશી ડીઆરબી કોલેજમાં ભણવાની સાથે એમબીએની તૈયારી કરતી હતી

**ખુશીએ** વહેલી સવારે ઘરી બાલ્કનીમાં હીંચકાના કડા સાથે દુપટ્ટો બાંધી આપઘાત કર્યો

સુરતઃ અલથાણમાં ચશ્માની ફ્રેમ બનાવતી ફેકટરીના માલિકની 20 વર્ષની દીકરીએ બાલ્કનીમાં ફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી હતી. શુક્રવારે સવારે ભાઈને ગામડેથી સગપણ માટે મહેમાન જોવા આવે તે પહેલાં જ અંતિમ પગલું ભર્યું હોવાનું બહાર આવ્યું હતું. મળતી માહિતી અનુસાર, મૂળ રાજસ્થાનના વતની રાકેશકુમાર અગ્રવાલ હાલ અલથાણ બમરોલી બ્રિજ પાસે સેન્ટ્રોસા હાઈટ્સમાં ત્રણ સંતાન સાથે રહે છે. રાકેશકુમાર ચશ્માની ફ્રેમ બનાવવાની ફેક્ટરી ચલાવે છે. રાકેશકુમારના સંતાન પૈકી 20 વર્ષીય પુત્રી ખુશી ડીઆરબી કોલેજમાં બીકોમના ત્રીજા વર્ષમાં એક્સટર્નલમાં અભ્યાસ કરી રહી હતી. આ સાથે-સાથે એમબીએની પણ ઘર બેઠા તૈયારી કરી રહી હતી. આજે સવારે ખુશીના એકના એક ભાઈ શ્રેયાંસને ગામડેથી સગપણ માટે જોવા આવવાના હતા. તે પહેલા જ ખુશીએ વહેલી સવારે ઘરની બાલ્કનીમાં હીચકાના કડા સાથે દુપટ્ટો બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. ખુશીએ કયા કારણોસર આપઘાતનું અંતિમ પગલું ભર્યું તે હાલ અકબંધ રહ્યું છે. ખુશીના આપઘાત મામલે અલથાણ પોલીસે તપાસ હાથ ધરી છે. ખુશીની એક બહેન ઓસ્ટ્રેલિયામાં રહે છે.

## સંક્ષિપ્ત સમાચાર

### જી.ડી.ગોયન્કા ઇન્ટરનેશનલ સ્કૂલમાં 'પરીક્ષા પર ચર્ચા'નું લાઈવ પ્રસારણ



સુરતઃ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગુરુવારે પરીક્ષા પર ચર્ચા કાર્યક્રમ દ્વારા બોર્ડ પરીક્ષાઓને લઈને વિદ્યાર્થીઓના મનમાં રહેલો ભય દૂર કરવાનો સંદેશ આપ્યો હતો. ગુજરાત સહિત સમગ્ર દેશમાં આગામી દિવસોમાં યોજાનારી બોર્ડ પરીક્ષાઓ પહેલાં પ્રધાનમંત્રીએ વિદ્યાર્થીઓને આત્મવિશ્વાસ સાથે પરીક્ષા આપવાની અને તણાવમુક્ત રહેવાની પ્રેરણા આપી હતી. આ કાર્યક્રમનું લાઈવ પ્રસારણ વેસુ વિસ્તારમાં સ્થિત જી.ડી.ગોયન્કા ઇન્ટરનેશનલ સ્કૂલમાં કરવામાં આવ્યું હતું, જ્યાં ધો.5થી 12 સુધીના કુલ 900 વિદ્યાર્થીએ સમગ્ર કાર્યક્રમ ધ્યાનપૂર્વક નિહાળ્યો અને પ્રધાનમંત્રીના માર્ગદર્શનથી ઉત્સાહિત નજર આવ્યા હતા.

### બિહારના રાજ્યપાલ અરિફ મહંમદ ખાને કદીર પીરઝાદાની ગૌશાળાની પ્રસંશા કરી



સુરતઃ સુરત ખાતે આવેલા બિહારના રાજ્યપાલ અરિફ મહંમદ ખાનના આમંત્રણને પગલે તેમની સાથે ગુજરાત કોંગ્રેસના કાર્યકારી અધ્યક્ષ તથા સુરતના ભૂતપૂર્વ મેયર કદીરભાઈ પીરઝાદાએ સર્કિટ હાઉસમાં મુલાકાત કરી હતી. સાહેબે સૌજન્ય મુલાકાત કરી. બેઠકમાં એક કલાકથી વધુ સમય સુધી કોમી એકતા, શિક્ષણ ક્ષેત્રના વિકાસ, યુવાનો માટે નવી તકો તેમજ સમાજના સર્વાંગી વિકાસ જેવા વિવિધ મહત્વપૂર્ણ મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી. ચર્ચા દરમિયાન રાજ્યપાલે કદીરભાઈ પીરઝાદા દ્વારા સંચાલિત દરગાહ ટ્રસ્ટ દ્વારા ગૌશાળાનું સંચાલન કરવામાં આવી રહ્યું છે તે કામગીરીની પ્રશંસા કરી અને હિંદુ મુસ્લિમ ભાઈચારાનું બેજોડ ઉદાહરણ બતાવ્યું હતું. અને આગામી મુલાકાત દરમિયાન દરગાહ અને ગૌશાળાની મુલાકાત લેવાની ઇચ્છા પણ વ્યક્ત કરી હતી.

### ચેક રિટર્ન કેસમાં એક વર્ષની કેદ અને 1.20 લાખનો દંડનો કોર્ટનો આદેશ

સુરતઃ ચેક રીટર્ન કેસમાં આરોપી મોહમ્મદ રફીક કરીમ તેલી તે નેશનલ ફ્લોર મિલના પ્રોપરાયટરને 1 વર્ષની સાદી કેદની સજા અને રૂ.૧,૨૦,૦૦૦નો દંડ ચૂકવવા અને જો એવા દંડની રકમ ન ચૂકવે તો વધુ ૬ માસની કેદની સજાનો હુકમ કરાયો હતો. આ કેસમાં ફરિયાદી તરુણ બાબુલાલ અગ્રવાલ તે બાબુલાલ એન્ડ સન્સના પ્રોપરાઇટર કે જેઓ અનાજનો હોલસેલનો વેપાર ધંધો કરતાં હતા અને અવારનવાર માલ ખરીદતાં હતા. જેના નાણાંની ચુકવણી પેટે આરોપીએ લખી આપેલા ચેક રિટર્ન થતાં ફરિયાદીએ વકીલ સાગર ડી પટેલ મારફત કોર્ટ કેસ કરતાં કોર્ટે ઉક્તત આદેશ કર્યો હતો. સાથે સાથે આરોપી કોર્ટમાં હાજર નહીં રહેતાં તેની સામે બિન જામીનલાયક વોરંટ કાઢવાનો આદેશ કરાયો હતો.

### સુરતમાં ત્રણ મુમુક્ષુ દ્વારા રજોહરણ ગ્રહણ કરવામાં આવ્યું



સુરતઃ પાલ સ્થિત 'વીર અમન્તા'ના સંકુલમાં રૈવતગિરિ મંડળ નેમિનાથ પ્રભુની અંજનશલાકા અને પ્રતિષ્ઠા મહોત્સવ વૈરાગ્યવારિધિ જૈનાચાર્ય કુલચન્દ્રસૂરિજી મહારાજ આદિ 6 સૂરિવરોની પાવન નિશ્રામાં હર્ષોલ્લાસપૂર્વક રંગેચંગે સંપન્ન થયો હતો. સવારે 9-00 કલાકે મુમુક્ષુ ચેતનભાઇ, મુમુક્ષુ આંચલબેન અને મુમુક્ષુ તુષ્ટિબેનની ભાગવતી પ્રવ્રજ્યા થયી હતી. સોનેમેં સુહાગા સમાન ગણિવર હેમપ્રભવિજયજી મ.ની પંન્યાસ પદવી પણ ભાવોલ્લાસ સાથે થઇ હતી. ત્રણેય મુમુક્ષુઓએ આચાર્ય પાસે મુંડન, વેષપરિવર્તન અને પ્રવજિત થવા માટે શક્તિપાત કરવા વિનંતી કરી હતી. જૈનાચાર્ય કુલચન્દ્રસૂરિજી મહારાજે નૂતન દીક્ષિતોને જ્યારે રજોહરણ આપ્યું ત્યારે ત્રણેય મુમુક્ષુઓ મન મૂકીને ઝૂમી ઉઠ્યા હતા. નૂતન મુનિવર સંસારી ચેતનભાઇનું સંયમી નામ મુનિ અધ્યાત્મ યોગી વિજયજી મહારાજ, આંચલબેનનું નામ સાધ્વી અસંગરેખાજી મહારાજ અને તુષ્ટિબેનનું નામ સાધ્વી તીર્થનેમિ વર્ઘનાજી રાખવામાં આવ્યું હતું. જૈનાચાર્ય પદ્મદર્શનસુરિજી મહારાજે કહ્યું હતું કે, જેને ભગવાન ગમે તેને અભિવ્રજ્યા કહેવાય પણ જેને ભગવાન સિવાય કાંઇ ન ગમે તેને પ્રવજ્યા કહેવાય. જૈનધર્મની દીક્ષા એટલે આશ્ચર્યકારી ઘટના કહેવાય.

### સ્વામિનારાયણ મંદિર સરથાણા સુરતનો 17મો પાટોત્સવ અનેરા આનંદ અને ઉલ્લાસ સાથે સંપન્ન



સુરત : સંતો-ભક્તોમાં ગુણ જોનારને હંમેશા આનંદની અનુભૂતિ થાય છે અને પ્રતિદિન સત્સંગમાં વૃદ્ધિ પામે છે. - આચાર્ય જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીજી મહારાજમણિનગર સ્વામિનારાયણ ગાદી સંસ્થાન સંચાલિત સ્વામિનારાયણ મંદિર, સુરતના ૧૭મા પાટોત્સવનું આયોજન પ્રવર્તમાન આચાર્ય જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીજી મહારાજની અધ્યક્ષતામાં કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પારાયણની મહાપૂજા, 'જીવનપ્રાણ અબજી બાપાશ્રીની વાતો'ની સમૂહ પારાયણ, ભક્તિસંગીત, વિશિષ્ટ સિદ્ધિઓ મેળવનાર બાળકોનું સન્માન, પરમ પૂજ્ય આચાર્ય સ્વામીજી મહારાજના દિવ્ય આશીર્વાદ વગેરે કાર્યક્રમોની અનેરા આનંદ અને ઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવી

### મહાકાલ અને સાલાસર હનુમાન મંદિરનું ભૂમિપૂજન 29મીએ થશે




સુરતઃ શ્રી મહાકાલેશ્વર સાલાસર હનુમાન સેવા ટ્રસ્ટ દ્વારા પલસાણામાં ૪૦ વીઘાં જમીન પર ભગવાન શ્રી મહાકાલ તથા સાલાસર હનુમાનજીનું ભવ્ય મંદિર નિર્માણ થવા જઈ રહ્યું છે. આ મહાયોજનાનું ભૂમિપૂજન અગાઉ 1 માર્ચ-2026ના રોજ નક્કી કરવામાં આવ્યું હતું, જે હવે તારીખમાં ફેરફાર કરીને 29 એપ્રિલ-2026ના રોજ નક્કી કરવામાં આવ્યું છે. ઉજ્જૈન મહાકાલ મંદિરના મુખ્ય પૂજારી પ્રદીપ ગુરુજી અને ટ્રસ્ટના પ્રમુખ સત્યનારાયણ ગોયલે આ ભવ્ય મંદિર કાર્યમાં લોકોનો સહયોગ પ્રાપ્ત થઈ રહ્યો છે હોવાનું જણાવી, વધુમાં કહ્યું હતું કે ભગવાન શ્રી મહાકાલ તથા સાલાસર હનુમાનજીના ભવ્ય મંદિર નિર્માણના ભૂમિપૂજન પહેલાં તા.૨૨-૨-૨૬ના રોજ નિશાન યાત્રા નીકળશે. જે સંદભે સભ્યો દ્વારા ધ્વજ વિમોચન પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ટ્રસ્ટના કોષાધ્યક્ષ રવિ કાપુરે, ટ્રસ્ટી રાજેન્દ્ર પટવારી, તુલસીરામ હેડા, ભાવિક ઠક્કર તેમજ સુનીલ પાંડે હાજર રહ્યા હતા.